**રજુ તારીખ : ૯–૪–૨૦૧૯**
**દાખલ તારીખ : ૯–૪–૨૦૧૯**
**ફેસલ તારીખ : ૩૦–૯–૨૦૨૧**
**વર્ષ માસ દિવસ:**
**૨ ૫ ૨૧**

**ભાવનગરના મહે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબ સમક્ષ મુ.ભાવનગર.**

**સેશન્સ કેસ નંબર ૫૫/૨૦૧૯**

આંક:

શ્રી સરકાર )...ફરિયાદી.

વિરૂધ્ધ

બુધાભાઈ ઘુઘાભાઈ વાઘેલા/કોળી,
ઉ.વ.પુખ્તવયના,
રહે.ભાંખલ, તા.ઘોઘા,
મુળ ગામ ઠળીયા,
તા.તળાજા,
જી.ભાવનગર. )આરોપીઓ

ગુન્હો: ઈ.પી.કો.કલમ –૩૦૭,૩૨૬,તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી બી.કે.વોરા.
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એ.બી.ભટ્ટ(લીગલ)

ચુ કા દો

(૧) આ કામે હાલના તહોમતદાર સામે ઈ.પી.કોડની કલમ–૩૦૭,૩૨૬ તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે.

(૨) આ કામે ફરિયાદીની ફરિયાદ હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી સવુબેન વા/ઓ ધરમશીભાઈ શીબાભાઈ મકવાણા, જાતે કોળી, ઉ.વ.પપ, ધંધો ઘરકામ તથા ખેતમજુરી, રહે.ભાંખલ, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે તેમના પરીવાર સાથે રહી ઘરકામ અને ખેત મજુરી કામ કરે છે. તેમના પતિ ધરમશીભાઈ સાતેક મહીના પહેલા અવસાન પામેલ છે. તેમને સંતાનમા બે દીકરા અને ચાર દિકરીઓ છે જે તમામના લગ્ન થઈ ગયેલ છે. તેમજ દીકરામા મોટો મુન્નાભાઈ અને નાનો હિંમતભાઈ છે. તેઓ બધા સાથે રહે છે. મુન્નાભાઈની વહુનુ નામ જયાબેન છે તેનુ પીયર ઠળીયા ગામે આવેલ છે તેમની વહુ જયાનો કાકાનો દીકરો બુધાભાઈ ઘુઘાભાઈ વાઘેલા છેલ્લા એકાદ વર્ષથી તેઓની સાથે રહે છે. આ બુધાભાઈના માં–બાપ મરણ ગયેલ છે અને તે આશરે ૨૫ વર્ષનો અને અભણ છે.

(૩) ફરીયાદીએ પોતાની ફરીયાદમા વધુમા જણાવેલ છે કે, તા.૨૮–૧૨–૨૦૧૮ ના બપોરના ચારેક કલાકે તેઓ અને બુધાભાઈ બંન્ને તેમના ગામના ભીખુભા રમજુભા દરબારની વાડીએ ખડ વાઢવા ગયેલ હતા અને વાડીમાં ખડ વાઢતા હતાં તે દરમ્યાન એકાદ કલાક પછી એટલે કે આશરે પાંચેક કલાકે સાંજે તેઓએ આ બુધાભાઈને કહેલ કે, 'તુ સરખુ ખડ વાઢ, તને તો ખડ વાઢતા

પણ નથી આવડતુ' તેમ કહેતા આ બુધાભાઈ ઉશ્કેરાઈ ગયેલ અને તેની પાસેનુ દાતરઢું તેમને મારવા જતા તેઓએ ડાબો હાથ આડો ધરતા તેમને ડાબા હાથના કાંડા પાસે ઘા વાગી ગયેલ અને ત્યાથી લોહી નીકળવા લાગેલ. આથી તેઓ રાડા રાડી કરતા તેણે દાતરડું લઈ બીજો ઘા તેમને છાતીના ભાગે મારી દીધેલ. આથી છાતીના ભાગેથી પણ લોહી નીકળવા લાગેલ અને તે પછી આ બુધાભાઈ દોડીને જતો રહેલ અને તેઓ ત્યા વાડીએ લોહી લુહાણ પડી ગયેલ હતી. આ દરમ્યાન તેમના ગામના અરવિંદસિહ ઈન્દુભા નિળકતા તેને તેમના દીકરા મુન્નાભાઈ તથા હિંમતભાઈને વાત કરતાં તેઓ બન્ને તાત્કાલીક આવી ગયેલ અને ૧૦૮ બોલાવી તેમાં તેમને ભાવનગર સરકારી દવાખાને સારવારમા લાવી દાખલ કરેલ છે અને જુના બીલ્ડીંગના બીજા માળે આઈ.સી.યુ.માં તેમની સારવાર શરુ છે. તેમનો ડાબો હાથ કાંડાના ભાગેથી કપાયેલ છે અને લબડી ગયેલ છે, જયારે છાતીના ભાગે ઉંડો ઘા વાગતા ખુબજ લોહી નીકળેલ છે.

(૪) ફરીયાદીએ વધુમા પોતાની ફરીયાદમા જણાવેલ છે કે, આ બનાવનુ કારણ એવુ છે કે, તેમના દીકરા મુન્નાભાઈના કાકાજી સસરાનો દિકરો બુધાભાઈ તેમની સાથે રહતો હોય અને આજરોજ સુધી તેને ખવડાતા–પીવડાવતા હોવા છતાં તેને તેઓએ ખડ વાઢતા આવડતુ નથી તેમ કહેતા તે ઉશ્કેરાઈ જઈ તેમને ડાબા હાથે તથા છાતીના ભાગે મારી નાખવાના ઈરાદે દાતરડાના ઘા મારી તેમને ગંભીર ઈજા કરેલ હોય તેઓ સામે ધોરણસર થવા ફરીયાદ જાહેર કરતા, બનાવ સંદર્ભે ઘોઘા

પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૦/૨૦૧૮ ઈ.પી.કોડની કલમ–૩૦૭,૩૨૬, તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ નોંધાવવામાં આવેલ.

(૫) ત્યારબાદ ઘોઘાના વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા સદર ચાર્જશીટ આવતા સદર ચાર્જશીટ મુજબ આ કામમાં ઈ.પી.કોડની કલમ–૩૦૭ મુજબનો સેશન્સ ટ્રાયેબલ ગુનો હોય ઘોઘાના વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબને સદરહુ ગુનાની કાર્યવાહી ચલાવવાની હકુમત ન હોય, તેમણે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ હેઠળ કમીટ કરીને જિલ્લા સેશન્સ ન્યાયાલય, ભાવનગર ખાતે મોકલી આપેલ હતો. ત્યારબાદ જિલ્લા સેશન્સ ન્યાયાલયે સદર કેસને સેશન્સ કેસ નંબર ૫૫/૧૯ થી નોંધીને સદરહુ કેસ અદાલતમાં ટ્રાન્સફર કરી કાયમી નિકાલ કરવા મોકલી આપેલ હતો.

(૬) ત્યારબાદ સદર ચાર્જશીટ આવ્યા બાદ આ કામના તહોમતદાર જેલમા હોય તેઓ કોર્ટ રુબરુ હાજર કરતા પોલીસ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી તેમની સામે આંક–૬ થી મારા પુરોગામી વિ. અધિકારીશ્રીએ તહોમતનામુ ફરમાવવામાં આવેલ હતુ. ત્યારબાદ તેઓનુ આંક–૭ થી નિવેદન લેતા તેઓએ જણાવેલ છે કે તેમને ગુનો કબુલ નથી, તેમની સામે તદન ખોટો કેસ કરવામા આવેલ છે. તેમને લીગલના વકીલ રોકી કેસ આગળ ચલાવવો છે તેવુ જણાવેલ છે.

(૭) આ કામે આરોપી વિરૂધ્ધ ફરિયાદ પક્ષ તરફે આરોપ પુરવાર કરવા નીચે જણાવ્યા મુજબના મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**–:: મૌખિક પુરાવાઓ ::–**

| ક્રમ | સાહેદ નું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ઇમ્તીયાઝભાઈ રજાકભાઈ હમીદાણી | પંચસાહેદ | ૮ |
| ૨. | ગતુભા જશુભા ગોહેલ | પંચસાહેદ | ૧૨ |
| ૩. | રેવતુભા ભોજુભા ગોહીલ | પંચસાહેદ | ૧૮ |
| ૪. | સેજાદ સુલેમાનભાઈ સોરઠીયા | પંચસાહેદ | ૧૯ |
| ૫. | મહેબુબભાઈ ગફારભાઈ રફાઈ | પંચસાહેદ | ૨૧ |
| ૬. | યાસીન યાકુબભાઈ શેખ | પંચસાહેદ | ૨૨ |
| ૭. | યુસુફભાઈ ગફારભાઈ હમીદાણી | પંચસાહેદ | ૨૩ |
| ૮. | અલ્તાફભાઈ ગફારભાઈ રફાઈ | પંચસાહેદ | ૨૭ |
| ૯. | રમેશભાઈ ભરતભાઈ રાઠોડ | પંચસાહેદ | ૨૮ |
| ૧૦. | વિરભદ્રસિંહ લખુભા ગોહીલ | પંચસાહેદ | ૨૯ |
| ૧૧. | પોલુભા ભોજુભા ગોહીલ | પંચસાહેદ | ૩૨ |
| ૧૨. | શકીલભાઈ દાઉદભાઈ શેખ | પંચસાહેદ | ૩૩ |
| ૧૩. | ફારુકભાઈ ઈસ્માઈલભાઈ ડૈરૈયા | પંચસાહેદ | ૩૫ |
| ૧૪. | મુન્નાભાઈ ધરમશીભાઈ મકવાણા | સાહેદ | ૩૭ |
| ૧૫. | હિંમતભાઈ ધરમશીભાઈ મકવાણા | સાહેદ | ૩૮ |
| ૧૬. | અરવિંદસિહ ઈન્દુભા ગોહીલ | સાહેદ | ૩૯ |
| ૧૭. | સારીકા સુબોધકુમાર જૈન | ડોકટર સાહેદ | ૪૦ |
| ૧૮. | સવુબેન ધરમશીભાઈ | ફરીયાદી | ૪૪ |
| ૧૯. | શકિતસિહ મુળરાજસિહ રાણા | ત.ક.અ. | ૪૮ |
| ૨૦. | પ્રવિણસિહ ખુમાનસિહ મંડોરા | પોલિસ સાહેદ | ૬૫ |

(૮) આ કામે ફરિયાદ પક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઈજા પામનારનુ કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૯ |
| ૨. | પંચ સ્લીપ | ૧૦ |
| ૨. | પંચસ્લીપ | ૧૧ |
| ૩. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૩ |
| ૪. | પંચ સ્લીપ | ૧૪ |
| ૫. | પંચ સ્લીપ | ૧૫ |
| ૬. | પંચસ્લીપ | ૧૬ |
| ૭. | પંચસ્લીપ | ૧૭ |
| ૮. | ઈજા પામનારના બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૦ |
| ૯. | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૪ |
| ૧૦. | પંચસ્લીપ | ૨૫ |
| ૧૧. | પંચસ્લીપ | ૨૬ |
| ૧૨. | આરોપીનુ અટક પંચનામુ | ૨૯ |
| ૧૩. | ડીસ્કવરી પંચનામુ | ૩૦ |
| ૧૪. | પંચસ્લીપ | ૩૧ |
| ૧૫. | આરોપીના બ્લડ સેમ્પલ કબજે લીધાનુ પંચનામુ | ૩૪ |
| ૧૬. | ઈજા પામનારના સીટીસ્કેન રીપોર્ટ, એકસ–રે તેમજ બ્લડ ટેસ્ટીંગ લેબોરેટરીનો રીપોર્ટ તથા ઓપીડી કેસ પેપર્સ | ૪૧ |
| ૧૭. | મેડીકલ સર્ટીફીકેટ. | ૪૨ |
| ૧૮ | ઈજા પામનારના સેમ્પલો કબજે લીધાનુ સર્ટીફીકેટ. | ૪૪૩<br>૩ |
| ૧૯. | ફરીયાદ | ૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | તપાસ સોપ્યાનો હુકમ | | ૪૯ |
| ૨૧. | ડી.ડી. લેવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને કરેલ યાદી | | ૫૦ |
| ૨૨. | ફરીયાદીનુ ડીસ્ચાર્જ કાર્ડ | | ૫૧ |
| ૨૩. | ફરીયાદીનુ ડી.ડી. | | ૫૨ |
| ૨૪. | ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવાની યાદી | | ૫૩ |
| ૨૫. | સ્થાનિક એફએસએલ અધીકારીનો રીપોર્ટ | | ૫૪ |
| ૨૬. | ઈજા પામનારના સેમ્પલ લીધાનુ સર્ટીફીકેટ. | | ૫૫ |
| ૨૭. | ઘોઘા સી.એચ.સી.ને આરોપીના સેમ્પલ લેવા કરેલ યાદી | | ૫૬ |
| ૨૮. | મુદામાલ રવાનગી નોધ | | ૫૭ |
| ૨૯. | બનાવવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી | | ૫૮ |
| ૩૦. | બનાવવાળી જગ્યાનો નકશો | | ૫૯ |
| ૩૧. | પંચ રોજકામ | | ૬૦ |
| ૩૨. | બનાવવાળી જગ્યાનો નકશો બનાવ્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | | ૬૧ |
| ૩૩. | એફએસએલ જુનાગઢની પહોચ | | ૬૨ |
| ૩૪. | ડી.ડી.ની નકલ મળવાની યાદી | | ૬૩ |
| ૩૫. | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથીયારબંધીનુ જાહેરનામુ | | ૬૪ |

(૯) ફરિયાદ પક્ષ તરફે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિદ્વાન એ.જી.પી. શ્રીએ આંક–૬૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનુ સી. આર. પી. સી. ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીનુ સમગ્ર વિશેષ નિવેદન ઘ્યાનમાં લેવામાં આવે તો તેઓએ પ્રોસીકયુશનના કેસની હકીકતોનો ઈન્કારીયતમા જવાબો આપેલા છે અને વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ બીલકુલ નિર્દોષ છે, માટે તેઓને છોડી મુકવા અરજ કરેલ છે અને તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

**(૧૦)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ. જી. પી. શ્રી એ દલીલ કરેલ છે કે, ફરીયાદી ઈજા પામનાર ધ્વારા તેમની સોગંદ પરની જુબાનીમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના આરોપી ધ્વારા તેઓની ઉપર દાતરડાથી હુમલો કરેલ છે જે હકીકતને ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ એફએસએલ રીપોર્ટ થકી સમર્થન મળેલ છે. આમ, ઉપરોકત કારણોસર ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને સખતમા સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**(૧૧)** બચાવ પક્ષ તરફે આરોપી તરફે વિ. વ. શ્રી ધ્વારા તેમની મૌખિક દલીલમા જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી ઈજા પામનારાઓ ધ્વારા તેમની સોગંદ પરની જુબાનીમા બનાવવાળી જગ્યા તે તેઓના ગામના ભીખુભા રમજુભા દરબારની વાડી છે જયારે આ કામે આંક–૧૩ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે તે મુજબ ગુનાવાળી જગ્યા તે વિજયસિંહ રમજુભા ગોહીલની ખેતીની જમીન દર્શાવેલ છે. તેવી જ રીતે આંક–૫૯ થી જે બનાવવાળી જગ્યાનો તલાટી–કમ–મંત્રી ધ્વારા બનાવવામાં આવેલ નકશો રજુ થયેલ છે તે મુજબ પણ વિજયસિહ રણજીતસિહની જમીનનુ પંચનામુ રજુ થયેલ છે. આમ, ફરીયાદી ધ્વારા તેઓની સોગંદ પરની જુબાનીમા જે જગ્યાએ બનાવ બનેલાનુ જણાવેલ છે તે જગ્યા તથા તપાસ કરનાર અધીકારી ધ્વારા બનાવવાળી જગ્યાનુ જે પંચનામુ થયેલ છે તે તથા તલાટી–કમ–મંત્રી ધ્વારા તે જગ્યાનો નકશો જણાવેલ છે તે બન્નેમા વિરોધાભાષ હોય બનાવવાળી જગ્યા સંદર્ભે શંકા ઉભી થાય છે. તેઓએ વધુમા તેમની દલીલમા જણાવેલ છે કે, આ કામે દાતરડા ધ્વારા ઈજા થયેલાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ ડોકટરશ્રી ધ્વારા તેમની ઉલટતપાસમા ઈજાનુ માર્જીન ઈ–રેગ્યુલર હોવાનુ જણાવેલ છે અને ઈ–રેગ્યુલર માર્જીનવાળી ઈજા બોથડ પદાર્થથી થઈ શકે તેવો અભિપ્રાય આપેલ છે. માટે,

દાતરડા વડે હાલની ઈજા થયેલ તે અંગે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થાય છે. તેઓ ધ્વારા વધુમા દલીલ કરેલ છે કે, આ કામે દાતરડા અંગે ડીસ્કવરીના બંને પંચ સાહેદો ધ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. માટે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ દાતરડુ આરોપી ધ્વારા શોધી બતાવવામાં આવેલ હોઈ તેવુ પુરવાર થતુ નથી. તેઓ ધ્વારા વધુમા દલીલ છે કે, ફરીયાદી ધ્વારા તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોય તેઓને ખુબજ આરોપી ઉપર ગુસ્સો અને રીસ આવેલ હોવાથી તેઓએ આરોપીનુ નામ જે તે સમયે ફરીયાદમાં આપેલ હતુ તથા તેઓ ધ્વારા તેઓને ઈજા કરેલાનો ઉલટતપાસમા ઈન્કાર કરેલ છે. તથા તેઓને આરોપી સામે માનસિક અણગમો હોવાનુ જાહેર કરેલ છે અને તેમના પ્રત્યે ગુસ્સો હોવાનુ પણ જણાવેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે,ફરીયાદ કોણે લખાવેલ તે તેમને ખબર નથી અને બનાવ બાદ તેઓ ઘણા બધા દીવસ સુધી બેભાન રહેલ હતા. આમ, ફરીયાદી ધ્વારા તેમની ઉલટતપાસ દરમ્યાન આ કામના આરોપી ધ્વારા ઈજા કરેલાનુ ફલિત થતુ નથી તથા બનાવ બાદ તેઓ બેભાન હોવાનુ અને તેઓએ આવી કોઈ ફરીયાદ હકીકત જાહેર કરેલ ન હોવાનુ જણાવેલ છે જેને ફરીયાદીના અન્ય પુત્ર સાહેદની જુબાની થકી સમર્થન મળેલ છે જેથી ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થાય છે. માટે, આરોપીને આ કામે શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૧૨)** ઉપરોકત હકીકતોને આધારે આ કેસનો ન્યાયિક નીર્ણય કરવા સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:-

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

(૧) શું ફરીયાદપક્ષ એ નિશંકપણે સાબીત કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૮-૧૨-૨૦૧૮ ના કલાક ૧૭/૦૦ ના અરસામાં,

વાડીએ ખડ વાઢવા ગયેલ આ વખતે ફરીયાદીએ આરોપીને 'તને ખડ વાઢતા આવડતુ નથી' તેમ ઠપકો આપતા જે વાત આરોપીને નહી ગમતા ઉશ્કેરાઈ જઈ, તેની પાસેનાં દાતરડાનો એક ઘા ફરીયાદીને મારવા જતા ફરીયાદીએ ડાબો હાથ આડો ધરતા ડાબા હાથના કાંડા પાસે ઘા વાગતા ગંભીર ઈજા કરી અને બીજો ઘા ફરીયાદીને મારી નાખવાના ઈરાદે છાતીના વચ્ચેના ભાગે મારી ગંભીર ઈજા કરી, હથીયાર ધારણ કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કોડની કલમ–૩૦૭,૩૨૬ તેમજ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલા છે ?

(૩) શું હુકમ ?

**(૧૩)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :–**

**(૧૪)** ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનો પાયાનો સિધ્ધાંત એ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનુ તહોમત કોઈ પણ જાતની વ્યાજબી શંકાથી પર રહીને સાબીત કરવાનુ હોય છે. આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**(૧૫)** આ કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૩૦૭,૩૨૬ તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેના ગુન્હાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

**મુદા નં.૧ :–**

**ફરીયાદીનો પુરાવો:–**

(૧૬) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૧૮ ફરીયાદી સવુબેન ધરમશીભાઈને આંક–૪૪ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓના પતિ આશરે ત્રણેક વર્ષ પહેલા ગુજરી ગયેલ છે અને તેઓ છુટક મજુરી કરે છે. તેઓને સંતાનમા બે દીકરા અને ચાર દીકરીઓ છે. તેઓ ધ્વારા તેમની સોગંદપરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ કેટલા વર્ષપહેલા બનેલ તે તેમને યાદ નથી અને બનાવ વખતે તેઓ તથા આરોપી બુધાભાઈ તેઓના ગામના ભીખુભા રમજુભા દરબારની વાડીએ ખડ વાઢવા ગયેલા ત્યારે તેઓએ બુધાભાઈને ખડનુ પોટલુ બાંધવા કહેલ તે સમયે બુધાભાઈએ તેઓના ડાબા હાથના કાંડાના ભાગે દાતરડાનો ઘા મારેલ અને બીજો ઘા છાતીએ મારેલ જેથી તેઓ પડી ગયેલ અને આ બનાવની જાણ હીંમતભાઈને થતા તેઓ છકડો લઈને બનાવવાળી જગ્યાએ આવેલા અને તેઓને સરકારી દવાખાને ભાવનગર લાવેલ. તેઓને ભાવનગરથી રજા આપ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલાનુ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવનુ કારણ તેઓએ આરોપી બુધાભાઈને ઘાસનુ પોટલુ ભેગુ કરવાનુ કહેતા બનેલ. ઉપરોકત સાહેદ ધ્વારા બનાવ સંદર્ભે ફરીયાદ આપેલાનુ અને તેમા તેઓના અંગુઠાનુ નીશાન હોવાનુ ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આ કામે આંક–૪૫ થી રજુ થયેલ

છે. તથા આરોપી તેઓના વેવાઈનો દીકરો થતો હોઈ ઓળખતા હોવાનુ તેમની જુબાનીમા જણાવે છે તથા મુદ્દામાલ તેઓના કપડા તથા દાતરડુ તેમની સોગંદ પરની જુબાનીમા ઓળખી બતાવેલ છે.

**(૧૭)** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આરોપી તેઓને ત્યાં બે વર્ષથી સાથે રહેતો હતો અને તેના મા–બાપ ન હોવાથી તેઓ તેને સાચવતા હતા. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ વાઢવાનુ કામ કરતા હતા અને તે વખતે દાતરડુ તેમના હાથમા હતુ. તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, છેલ્લા ૨૫,૩૦ વર્ષથી તેઓને મગજની દવા ચાલુ છે. **તેઓએ તે હકીકતનો પણ સ્વિકાર કરેલ છે કે, તેઓની માનસિક સ્થિતી ઘણી વખત ખરાબ થતા તેઓને કોઈ ઉપર ગુસ્સો આવે છે અને તેઓ ભુલી પણ જાય છે. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવના દીવસે બુધાભાઈએ ખડ ઉપાડવાની ના પાડેલ જેથી તેમને તેના ઉપર ગુસ્સો આવેલ અને રીસ ચડેલ. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ બુધાભાઈ ઉપર ખીજાતા બુધો ત્યાંથી ભાગી ગયેલ અને તેઓને જે ઈજા થયેલ તે પાછળથી કોઈ અજાણી વ્યકિતએ આવીને કરેલ. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને બુધાભાઈ ઉપર રીસ ચડેલ જેથી તેઓએ ફરીયાદમા બુધાભાઈનુ નામ આપેલુ તથા મુદામાલ દાતરડા જેનો ખેતી**

**કામમા અનેક દાતરડા હોય તેથી તેઓ ચોકકસ જણાવી શકે નહી કે મુદામાલ દાતરડુ તે જ હતુ કે કેમ. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બુધાભાઈએ તેમને કોઈ દાતરડુ મારેલ નથી તથા તેઓએ તેમની સોગંદપરની જુબાનીમા જે હકીકત જણાવેલ છે તે તેના પ્રત્યે માનસિક અણગમો હોય જેથી બનાવ જાહેર કરેલ. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ કોણે લખાવેલ તેની તેમને ખબર નથી તથા ફરીયાદમા શું લખાવેલ તેની પણ તેમને ખબર નથી અને તેઓનો અંગુઠો કયારે લગાવેલ તે ભાન મા ન હોવાથી ખબર નથી. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ હોસ્પિટલમા હતા તે વખતે તેઓને બુધાભાઈ પ્રત્યે માનસિક રીસ હતી. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ મુજબની કોઈ ઈજા બુધાભાઈએ તેઓને કરેલ નથી તથા બુધાભાઈ પ્રત્યે રીસ હોવાના કારણે તેઓને હોસ્પિટલમા તેમની ઉપર ખુબજ ગુસ્સો હતો તથા ઈજા થવાના કારણે તેઓ ઘણા દીવસ સુધી બેભાન રહેલ હતા.**

**(૧૮)** ફરીયાદીની સોગંદ પરની જુબાની ધ્યાને લઈએ તો, તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા આ કામના આરોપી ધ્વારા જ તેઓને ઈજા કરેલાનુ અને મુદામાલ ઓળખી બતાવેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસ ધ્યાને લઈએ તો તેનાથી બીલ્કુલ વિપરીત હકીકતો જાહેર કરેલ છે. એટલે કે, આ કામના આરોપી પ્રત્યે તેમને અણગમો હોવાથી અને ગુસ્સો હોવાના કારણે બનાવ સમયે જાહેર કરેલ છે તથા આ કામના આરોપી ધ્વારા તેઓને કોઈ

જ ઈજા કરેલ ન હોવાનુ તેઓએ જાહેર કરેલ છે.આમ, ફરીયાદીની સોગંદ પરની જુબાની થકી આરોપીને ગુનામા ચોકકસપણે સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પરથી ફલિત થતો નથી.

**સાહેદનો પુરાવો:–**

**(૧૯)** આ કામે અન્ય સાહેદની સોગંદ પરની જુબાની ધ્યાને લઈએ તો ફરીયાદપક્ષ તરફથી ઈજા પામનાર ફરીયાદીના પુત્ર મુન્નાભાઈ ધરમશીભાઈ મકવાણાને આંક–૩૭ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ બનાવના અરસામા તળાજા બલર ટ્રાવેલ્સમા ડ્રાઈવીંગ કરતા હતા અને તેઓ બે ભાઈઓ છે જેમા તેઓ મોટા છે અને તેનાથી નાના હિંમતભાઈ છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલ તે સમયે તેઓ તળાજા ગયેલા અને તેઓને રાત્રે સુરત જવાનુ હતુ તે સમયે વિજયસિહનો ફોન આવેલ તે સિવાય બીજુ શું બનેલ તે તેઓ જાણતા નથી તથા તેઓની માતાને ઈજા થયેલ હોવાથી ૧૦૮ મા ભાવનગર સરકારી દવાખાને લાવેલ.

**(૨૦)** ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. જેઓની ઉલટતપાસ વિ.એપીપીશ્રી ધ્વારા કરરવામા આવેલ છે પરંતુ કોઈ ફળદાયક હકીકત બહાર આવેલ નથી.

**(૨૧)** બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમા **તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તથા તેઓને ફોન આવતા તેઓ ઘરે પહોંચેલ ત્યારે તેઓની બા બેભાન થઈ ગયેલ અને ત્રણ દીવસે ભાનમા આવેલા. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓની બા ને ભાન મા આવતા પુછેલ તો તેઓએ કહેલ કે કોઈ અજાણ્યા મજુરે ઈજા કરેલ છે તથા અજાણ્યા મજુર સાથે બોલાચાલી થયેલાનુ જણાવેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓની બા ને માનસિક તકલીફ હોવાથી તે ઘણી વખત ખોટી ફરીયાદ અને ઝઘડા કરી ખોટા આરોપ બીજા ઉપર મુકે છે.**

**(૨૨)** આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૧૫ તરીકે હીંમતભાઈ ધરમશીભાઈ મકવાણાને આંક–૩૮ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેઓની માતા છે અને બનાવ સમયે તેઓ ઘરે હતા ત્યારે કોઈ વ્યકિતનો ફોન આવેલ અને જાણવા મળેલ કે તેમની માતાને કોઈએ દાતરડુ મારેલ છે જેથી તેઓ, તેમના ભાભી, પત્નિ, બનાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યા તેમના બા નો હાથ કપાયેલો જોયેલ અને ખુબ લોહી નીકળતુ હતુ જેથી તેઓને ભાવનગર સરકારી દવાખાને લાવેલ આ સિવાય તેઓ કશુ જાણતા ન હોવાનુ જણાવેલ છે.

**(૨૩)** ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે અને વિ.એપીપીશ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં તેઓએ તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓને રસ્તામા તેઓની માતાએ જણાવેલ કે, આ કામના આરોપીને તેઓની માતાએ ખડ ઉપાડવાનુ કહેતા દાતરડુ મારેલ હતુ.

**(૨૪)** બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમા **તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તથા તેઓને ફોન આવતા તેઓ ઘરે પહોચેલ ત્યારે તેઓની બા બેભાન થઈ ગયેલ અને ત્રણ દીવસે ભાન મા આવેલા. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓની બા ને ભાન મા આવતા પુછેલ તો તેઓએ કહેલ કે કોઈ અજાણ્યા મજુરે ઈજા કરેલ છે તથા અજાણ્યા મજુર સાથે બોલાચાલી થયેલાનુ જણાવેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓની બા ને માનસિક તકલીફ હોવાથી તે ઘણી વખત ખોટી ફરીયાદ અને ઝઘડા કરી ખોટા આરોપ બીજા ઉપર મુકે છે.**

**(૨૫)** ફરીયાદપક્ષ તરફથી સાહેદ અરવિંદસિહ ઈન્દુભા ગોહીલને આંક ૩૯ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, ફરીયાદીને તેઓ ઓળખે છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, તેઓ વિજયસિહની જમીનની બાજુમાથી નીકળેલ હોય તે સમયે કોઈ સ્ત્રી રાડો પાડતી

હોય અને તેમને બોલાવેલ હોય અને તેઓને કોઈ મારી ગયેલાની હકીકત જણાવેલ હોય તેવુ બનેલ નથી.

**(૨૬)** ઉપરોકત સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય જેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. જેઓની વિ.એપીપીશ્રી દ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ ફળદાયક હકીકત તેઓની ઉલટતપાસ થકી બહાર આવતી નથી.

**(૨૭)** બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ ઘણા વર્ષોથી ભાંખલ ગામે રહે છે અને સવુબેન તથા તેના બન્ને દીકરાને ઓળખે છે. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, સવુબેન માનસિક રીતે અસ્વસ્થ છે અને સવુબેનને આ કામના આરોપીએ ઈજા કરેલ નથી.

**પંચસાહેદોનો પુરાવો:–**

**(૨૮)** ફરીયાદપક્ષે સાહેદ નં.૨ ગતુભા જશુભા ગોહેલને આંક–૧૨ થી તથા આંક–૧૮ થી રેવતુભા ભોજુભા ગોહીલને તપાસવામા આવેલા છે. જેઓ આંક–૧૩ ના બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી દ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

(૨૯) ફરીયાદપક્ષે સાહેદ નં.૪ સેજાદ સુલેમાનભાઈ સોરઠીયાને આંક–૧૯ થી તથા સાહેદ નં.પ મહેબુબભાઈ ગફારભાઈ રફાઈને આંક–૨૧ થી તપાસવામા આવેલા છે જેઓ આંક–૨૦ ના ઈજા પામનારની સેમ્પલ કબજે કર્યાના પંચ સાહેદ છે. જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

(૩૦) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૧ ઈમ્તીયઝભાઈ હમીદાણીને આંક ૮ થી તથા સાહેદ નં.૬ યાસીન યાકુબબભાઈ શેખને આંક–૨૨ થી તપાસવામા આવેલા છે જેઓ આંક–૯ ના ઈજા પામનારના કપડા કબજે લીધેલાના પંચનામાના પંચ સાહેદ છે જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

(૩૧) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૭ યુસુફભાઈ ગફારભાઈ હમીદાણીને આંક–૨૩ થી તથા સાહેદ નં.૮ અલ્તાફભાઈ ગફારભાઈ રફાઈને તપાસવામા આવેલા છે જેઓ આંક–૨૪ ના આરોપીના કપડા કબજે કરેલાના પંચનામાના પંચ સાહેદ છે. જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

**(૩૨)** ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૯ થી રમેશભાઈ ભરતભાઈ રાઠોડને આંક–૨૮ થી તપાસવામા આવેલા છે જેઓ આંક–૨૯ ના આરોપીના શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ છે જેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

**(૩૩)** તેમજ સાહેદ નં.૧૦ વિરભદ્રસિહ લખુભા ગોહીલને આંક–૨૯ થી તથા સાહેદ નં.૧૧ પોલુભા ભોજુભા ગોહીલને આંક–૩૨ થી તપાસવામા આવેલા છે તેઓ આંક–૩૦ ના મુદામાલ હથીયાર કબજે કર્યાના પંચ સાહેદ છે. જેઓ પં ચનામાની હકીકતને સમર્થન આપતા ના હોય તેમને ફરી ગયેલ જાહેર કરી તેમની વિસ્તત ઉલટ તપાસ એપીપી શ્રી ધ્વારા કરવામા આવેલ છે પરંતુ કોઈ લાભદાયક હકીકત બહાર આવેલ નથી.

**(૩૪)** સાહેદ નં.૧૨ શકીલભાઈ દાઉદભાઈ શેખને આંક–૩૩ થી તેમજ સાહેદ નં.૧૩ ફારૂકભાઈ ઈસ્માઈલભાઈ ડેરૈયાને આંક–૩૫ થી તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૩૪ ના આરોપીની મેડીકલ તપાસણી દરમ્યાન સીએચસી મેડીકલ ઓફીસરે લીધેલ નમુના કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે તેઓને તપાસવામા આવેલા છે. આ તમામ સાહેદોએ ફકત પંચનામામા સહી કરેલ હોવાનુ જ જણાવેલ હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવા

માંગણી થયા બાદની ઉલટતપાસમા પણ પંચનામામા લખાયેલ હકીકતને સમર્થન કરેલ નથી.

**ડોકટર સાહેદનો પુરાવો:–**

**(૩૫)** ફરીયાદપક્ષે ડો. સારીકા સુબોધકુમાર જૈનને આંક–૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તા. ૨૮–૧૨–૧૮ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે શબ્બુબેન ધરમશીભાઈ મકવાણા, ઉ.વ.૪૩, રહે.ભાંખલ ગામ વાળા તેમની સમક્ષ સારવાર માટે તેના જમાઈ ભરતભાઈ સાંજે ૭/૫૦ વાગ્યે લઈને આવેલા. દર્દીએ તેમની સમક્ષ જાતે હીસ્ટ્રી આપેલી અને જણાવેલ કે, છરીથી ૫/૦૦ વાગ્યે તા. ૨૮/૧૨/૧૮ ના રોજ ભાંખલ ગામ તા.ઘોઘા ભીખુભા દરબારની વાડીમા બુધાભાઈ વાઘેલાએ મારેલ તેમજ તેઓની મેડીકલ તપાસ કરતા તેની છાતીના વચ્ચેના ભાગમા ઈરેગ્યુલર સીએલડબલ્યુ માર્જીન રાઈટ સાઈડ છાતીના ભાગે ૫×૧×૧ .૫ સે.મી.નુ હતુ તેમજ સીએલડબલ્યુ ડાબા હાથના નીચેના ભાગે ૩×૧×૧ સ ે.મી.×હાડકાના ઉંડાઈ સુધી ઘા જોવા મળેલો. સીએલડબલ્યુ લેફટ હેન્ડ ઈનર અસપેકટ(હથેળીમા) ૧.૫×૧ સે.મી.નો ઘા હતો. તેઓએ વધુમા તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓએ દર્દીને સારવાર આપી અને તેઓને વધારાની સારવાર માટે સર્જનને રીફર કરેલા અને તેને દાખલ કરેલા પછી તા.૨૯–૧૨–૧૮ ના રોજ હાયર સેન્ટર પર રીફર કરેલ. તેઓએ વધુમા

જણાવેલ કે દર્દીની તપાસ દરમ્યાન તેઓએ એકસ–રે લીધેલો તે જોતા દર્દીને ડાબા હાથના કાંડાથી નીચેના ભાગમા ફ્રેકચર જોવા મળેલ, તેમજ છાતીનો એકસ–રે મુજબ હાઈડ્રોનીમોથોરેકસ ( ફેફસામા પાણી અને હવા બંન્ને હતા) હતુ અને જમણી બાજુ છાતીના ભાગે બધો ભાગ સુજી ગયેલ અને હવા ભરાયેલ હતી અને દર્દીને તપાસ દરમ્યાન સર્જન શ્રી ધ્વારા સીટી સ્કેન કરવામા આવેલ અને છાતીનુ સીટી સ્કેન જોતા જમણી બાજુ લોહી અને હવા ભરાયેલી હતી અને આગળના જમણી બાજુ છાતીના ભાગે (સર્જીકલ ઈન્ફાઈસમા) હવા ભરાયેલ હતી તેઓએ વધુમા તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, દર્દીના ફેફસામા જમણી અને ડાબી બાજુ બેઠો માર વાગેલાનુ જોવા મળેલ. તેમજ સીટી સ્કેન રીપોર્ટ, એકસ–રે તેમજ બ્લડ ટેસ્ટીંગ લેબોરેટરી રીપોર્ટ તથા ઓપીડી કેસ પેપર્સ તમામને આંક–૪૧ થી રજુ થયેલ છે તેઓએ તેમની જુબાનીમા દર્દીને તપાસ્યા બદલ સર્ટીફીકેટ આપેલ જે આંક–૪૨ થી રજુ થયેલ છે તેમજ તેઓએ ઈજા પામનારના સેમ્પલો લીધા અંગેનુ સર્ટીફીકેટ આપેલ જે આંક–૪૩ થી રજુ થયેલ છે. તેઓએ વધુમા તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, દર્દીને તપાસતા અને તેની ઈજા જોતા ગ્રેવીયસ ઈન્જરી જોવા મળેલ અને જો તેને તાત્કાલીક સારવાર ન આપવામાં આવી હોત તો ગંભીર પ્રકારની સ્થિતિ સર્જાય તેમ હતી.

**(૩૬)** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, દર્દીને ઈજાઓ હતી તે સી.એલ.ડબલ્યુ પ્રકારની હતી. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ઈજાના માર્જીન ઈ–રેગ્યુલર હતા . તેઓએ તે હકીકતનો ઉલટતપાસમા સ્વિકાર કરેલ છે કે ઈ–રેગ્યુલર માર્જીન વાળી બોથડ પદાર્થ પર ઈજા પામનાર પડે તો આવી ઈજાઓ થઈ શકે. તેઓએ તેમની ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ઈજાના સમય બાદ તેને ટ્રીટમેન્ટ મળવાનો સમય જેટલો વધારે થાય તેની ગંભીરતા વધતી જાય.

**પોલિસ સાહેદનો પુરાવો:–**

**(૩૭)** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ પ્રવિણસિહ ખુમાનસિહ મંડોરાને આંક–૬૫ થી તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ તા.૨૨–૨–૨૦૧૯ ના અરસામા ધોધા પોલીસ સ્ટેશનમા પીએસઆઈ તરીકે ફરજ પર હતા તે દરમીયાન સદરહુ ગુનાની આગળની તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળેલ અને ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધ્વારા લીધેલ ડી.ડી. મેળવેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેની સામે ચાર્જશીટ કરેલ તે સિવાય તેઓએ અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૩૭) સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરરવામા આવેલ છે જેમા તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ ચાર્જશીટ કર્યા સિવાય અન્ય કોઈ તપાસ કરેલ નથી.

**તપાસ કરનાર અધિકારીનો પુરાવો:–**

(૩૮) ફરીયાદપક્ષે સાહેદ નં.૧૮ શકિતસિહ મુળરાજસિહ રાણાને આંક–૪૮ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ તા. ૨૯–૧૨–૨૦૧૮ ના અરસામા ઘોઘા પોલીસ સ્ટેશનમા પીએસઆઈ તરીકે ફરજ પર હતા તે દરમ્યાન તેમની પાસે સવુબેન ઘરમશીભાઈ મકવાણા ઉ.વ.પપ, રહે. ભાંખલ, તા. ઘોઘા, જી.ભાવનગરવાળાની તેમની રુબરુ ફરીયાદ હકીકત લખાવતા તેઓએ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખેલ જે આંક–૪૫ થી રજુ થયેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવેલ છે કે, ફરીયાદ લીધા બાદ તેઓએ ગુનો રજીસ્ટર કરી તપાસ તેઓએ જાતે સંભાળેલ જે તપાસનો હુકમ આંક–૪૯ થી રજુ થયેલ છે. તેમજ તપાસ સંભાળ્યા બાદ તેઓએ બે પંચો બોલાવી તા. ૨૯–૧૨–૨૦૧૮ ના રોજ ઈજા પામનાર સવુબેન ઘરમશીભાઈનાઓએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા હોય પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામુ આંક–૯ થી રજુ થયેલ છે તેમજ બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચોની રુબરુ કરેલ જે આંક–૧૩ થી રજુ થયેલ છે. તેઓએ વધુમા જણાવેલ કે બનાવની જગ્યા સાહેદ હીંમતભાઈ

ધરમશીભાઈ મકવાણાનાઓએ બતાવતા પંચનામાની વિગતે પંચનામુ કરેલ અને પંચનામા દરમ્યાન બનાવવાળી જગ્યાએથી એકાદ ફુટના ઘેરાવામા છુટાછવાયા લોહીના ડાઘાવાળી માટી એક પ્લાસ્ટીકની થેલીમા મુકી અંદર બહાર પંચોની સહી લઈ પંચનામાની વિગતે કબજે કરેલ તેમજ થોડે દુરથી કન્ટ્રોલ સેમ્પલ માટી પણ એક પ્લાસ્ટીકની થેલીમા મુકી અંદર બહાર પંચોની સહી લઈ પંચનામાની વિગતે કબજે કરેલ તેમજ એક લેડીઝ સ્લીપર, આછા પીળા કલરના કે જે લોહી તથા છાણ–માટી વાળા હતા તેમજ સફેદ કલરની ચુદડી જ જોતાં પણ લોહીથી ખરડાયેલ હતી તે બનેં મુદ્દામાલ પણ પંચોની હાજરીમા કબજે કરેલ. તેઓએ ઈજા પામનારના મેડીકલ સેમ્પલ આંક–૨૦ ના પંચનામાની વિગતે કબજે કરેલ. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા વધુમા જણાવેલ છે કે, તપાસના કામે તેઓએ ઈજા પામનાર સવુબેન ધરમશીભાઈનુ ડી.ડી.લેવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને લેખીત યાદી કરેલી જે આંક–૫૦ થી રજુ થયેલ છે તેમજ તેઓએ સવિતાબેનનુ ડીસ્ચાર્જ કાર્ડ તપાસના કામે કબજે લઈ સામેલ રાખેલ જે આંક–૫૧ થી રજુ થયેલ છે તેઓએ ઈજા પામનારનુ ડી.ડી. તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૫૨ થી રજુ છે તેમજ તેઓએ ઈજા પામનારનુ બ્લડ સ ેમ્પલ લેવાની યાદી કરેલ જે આંક–૫૩ થી રજુ થયેલ છે તેમજ સ્થાનિક એફએસએલ રીપોર્ટ તપાસના કામમા સામેલ રાખેલ જે આંક–૫૪ થી રજુ થયેલ છે. તેમજ તેઓએ તપાસના કામે પંચો રુબરુ આરોપીને અટક કરેલ જે પંચનામુ

આંક–૫૫ થી રજુ થયેલ છે તેમજ આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ કર્યા અંગેનુ પંચનામુ આંક–૫૬ થી રજુ થયેલ છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનીમા વધુમા જણાવેલ છે કે, તેઓએ ડીસ્કવરી પંચનામુ બે પંચોની હાજરીમા આરોપી બુધાભાઈ ઘુઘાભાઈએ જે હથીયાર સંતાડેલ તે દાતરડુ શોધીને રજુ કરતા બે પંચો રુબરુ કબજે કરેલ જે પંચનામુ આંક–૩૪ થી રજુ થયેલ છે તેમજ તેઓએ આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યા અંગેનુ પંચનામુ છે જેમા બે પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી છે જે મુદામાલ રવાનગી નોંધ આંક–૫૭ થી રજુ થયેલ છે તેમજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી આંક–૫૮ થી તેમજ બનાવવાળી જગ્યાનો નકશો તપાસના કામે રજુ રાખેલ જે આંક–૫૯ થી રજુ થયેલ છે  તેમજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવ્યા બાદ કરવામા આવેલ પંચ રોજકામ આંક–૬૦ થી તપાસના કામે સામેલ રાખેલ તેમજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવ્યા અંગેનો ફોરવર્ડીગ પત્ર તેઓએ તપાસના કામે  સામેલ રાખેલ જે  આંક–૬૧ થી  રજુ થયેલ છે તેમજ એફએસએલ જુનાગઢની પહોંચ આંક–૬૨ થી તપાસના કામમા તેઓએ સામેલ રાખેલ તેમજ તેમજ ડી.ડી.ની નકલ મળવાની યાદી  તેઓએ કરેલ જે આંક–૬૩ થી રજુ થયેલ છે તેમજ તેઓએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ જાહેરનામુ તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૬૪ થી રજુ થયેલ છે.

(૩૯) સદર સાહેદની બચાવપક્ષે વિ.વકીલશ્રી ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે,ફરીયાદ હકીકત મુજબ આ કામે નજરે કોઈ સાહેદ/ વ્યકિત ન હતા. તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદીએ ભીખુભા રમજુભાની વાડીએ બનાવ બનેલાનુ જાહેર કરેલ. તેઓએ તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા વિજયસિહ રણજીતસિહ ની જાહેર થયેલી તેમજ બનાવવાળી જગ્યાના પંચનામા મુજબ હીમતભાઈ ધરમશીભાઈ મકવાણાએ બતાવેલી જે વિજયસિહ રમજુભા ગોહીલની હોવાનુ જાહેર કરેલ. તેઓએ વધુમા ઉલટતપાસમા તે હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદીને દાતરડા વડે ઈજા થયેલાનુ જાહેર થયેલ જયારે તેમની તપાસમા તેઓએ ડોકટર સારીકા જૈન પાસેથીમેડીકલ સટીફીકેટ મેળવતા તેમા ઈજા પામનારે આપેલ હીસ્ટ્રી મુજબ ઈજા છરી વડે થયેલ હોવાનુ ખુલતુ હતુ.

**પુરાવાનુ મુલ્યાંકનઃ-**

(૪૦) આ કામે રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો, ફરીયાદી ધ્વારા તેઓની સરતપાસમા આરોપી ધ્વારા તેઓને ઈજા કરેલાનુ જણાવેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસ ધ્યાને લઈએ તો તેમા તેનાથી વિપરીત હકીકત બહાર આવેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી ઉપર તેઓને રાગધ્વેષ હોવાનુ તથા આરોપી ધ્વારા તેઓને આવી કોઈ ઈજા કરેલ ન હોવાનુ જણાવેલ છે.

**(૪૧)** આમ, ફરીયાદીની સોગંદ પરની જુબાનીમા તેઓ તેમની સરતપાસથી બિલકુલ વિપરીત હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત ફરીયાદીની જુબાની વિશ્વાસજનક જણાઈ આવતી નથી. હાલના કેસમા ફરીયાદી એક આધારભૂત અને મહત્વના સાહેદ છે. પરંતુ તેઓની જુબાની ઘ્યાને લઈએ તો તે શંકાસ્પદ જણાઈ છે. એટલે કે તેઓ દરેક વખતે જુબાનીમા અલગ અલગ હકીકતો જણાવે છે અને આવી શંકાસ્પદ જુબાની હોય ત્યારે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારક અન્ય પુરાવો હોવો જરૂરી છે.

**(૪૨)** આ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ અન્ય સાહેદ એટલે કે ફરીયાદીના બન્ને પુત્રો મુન્નાભાઈ ધરમશીભાઈ મકવાણા અને હીં મતભાઈ ધરમશીભાઈ મકવાણાએ તેઓની સોગંદ પરની જુબાનીમા આ કામના આરોપી ઘ્વારા ફરીયાદીને ઈજા કરેલ હોય તેવી હકીકત જણાવતા નથી. આમ, તેઓ ઘ્વારા પણ ફરીયાદની હકીકતને સમર્થનકારક પુરાવો મળી આવેલ નથી. આ સિવાય અન્ય સ્વતંત્ર સાહેદ અરવિંદભાઈ ઈન્દુભા ગોહીલનાઓ ઘ્વારા પણ હાલની ફરીયાદને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૪૩)** આમ, ફરીયાદપક્ષ તરફથી તપાસવામા આવેલ સાહેદોની જુબાની થકી આરોપીની ગુનામા સંડોવણી હોય તે મુજબનો ચોકકસ અને સચોટ પુરાવો રેકર્ડપર આવેલ નથી.

(૭૪) આ કામે વિ.એપીપીશ્રી દ્વારા એવી દલીલ કરવામા આવેલ છે કે, ફરીયાદી દ્વારા તેઓની સરતપાસમા આ કામના આરોપી દ્વારા જ તેઓને ઈજા કરેલાનુ જણાવેલ છે તથા ડોકટરશ્રી રુબરુ જે હીસ્ટ્રી આપેલ છે તેમાં પણ તેઓને આરોપીએ જ ઈજા કરેલાનુ જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદી જયારે હોસ્પિટલમા હતા ત્યારે તેનુ જે મરણોન્મુખ નીવેદન (ડી.ડી.) લેવામા આવેલ હતુ તેમાં પણ આરોપી દ્વારા જ ઈજા કરેલાનુ જણાવેલ છે. તથા તે હકીકતને એફ.એસ.એલ. રીપોર્ટ થકી સમર્થન મળતુ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ તેમ જણાવેલ છે.

(૭૫) આ કામે, ફરીયાદી દ્વારા તેઓની ઉલટતપાસ દરમ્યાન સ્પષ્ટપણે આરોપીએ તેઓને ઈજા કરેલ ન હોવાનુ જણાવેલ છે તથા તેઓને આરોપી પ્રત્યે અણગમો હોવાનુ અને તે દીવસે આરોપી સાથે તેઓને ઝગડો થયેલ હોવાનુ જણાવેલ છે.આમ, ફરીયાદી દ્વારા તેઓની ઉલટતપાસ દરમ્યાન ફરીયાદથી વિપરીત હકીકતો જાહેર કરેલ છે.

(૭૫) આમ, ઉપર કરેલ ચર્ચાનુસાર ફરીયાદીની જુબાની વિશ્વસનીય હોવાનુ જણાઈ આવતુ નથી. વધુમા ફરીયાદી દ્વારા તેઓની ઉલટતપાસ દરમ્યાન ડોકટર રૂબરૂ તેઓએ કોઈ હીસ્ટ્રી આપેલ ન હોવાનુ જણાવેલ છે. વધુમા જયારે ફરીયાદી જીવીત હોય ત્યારે મરણોન્મુન નીવેદન (ડી.ડી.) પુરાવાકીય મુંલ્યાંકન સી.આર.પી.સી.કલમ–૧૬૧ ના નીવેદન મુજબ ધ્યાને લેવાનુ રહે છે.

પરંતુ જયારે હાલ કોર્ટ રૂબરૂ ફરીયાદ તથા સોગંદ પરની જુબાનીમા તેનાથી વિપરીત હકીકત જણાવતા હોય ત્યારે ડી.ડી.ના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. જયાં સુધી એફ.એસ.એલ.રીપોર્ટ સંદર્ભે જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે ધ્યાને લઈએ તો, આ કામે ફરીયાદી ધ્વારા બનાવ વખતે આ કામના આરોપી ત્યાં હાજર હોવાનુ જણાવેલ છે જેથી આરોપી હાજર હોવાથી તેઓના ચંપલ ઉપર લોહીના નીશાન મળી આવેલ હોવાની શકયતા રહેલ છે. પરંતુ આ કામના આરોપી ધ્વારા જ ફરીયાદીને ઈજા કરેલ હોઈ તે સંદર્ભેનો કોઈ પુરાવો રેકર્ડપર આવેલ નથી. તેમજ આ કામે આરોપીના કપડા પરથી કોઈ લોહીના નીશાન મળી આવેલ નથી.

**(૪૬)** વધુમાં, આ કામે જે દાતરડુ પોલિસ ધ્વારા કબજે થયેલ છે તેના પંચ સાહેદ ધ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. માટે, આ કામના આરોપી પાસેથી ઉપરોકત દાંતરડુ કબજે થયેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નથી.

**(૪૭)** આમ, જયારે સ્થળ પર આરોપી હાજર હોય ફકત તે કારણોસર જયારે ફરીયાદી કે અન્ય સાહેદો ધ્વારા આરોપી ધ્વારા ફરીયાદીને ઈજા કરેલાની હકીકત જણાવતા ન હોય તેવા સંજોગોમા ફકત એફએસએલ રીપોર્ટના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાતુ ન હોય ઉપર જણાવેલ કારણોસર ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થતી હોય આ કામે મુદા

નંબર ૧ નો જવાબ 'નકાર' મા ઠરાવી મુદા નંબર ૨ અન્વયે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

૧. ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧ ) ના પ્રબંધો હેઠળ આ કામના આરોપી બુધાભાઈ ઘુઘાભાઈ વાઘેલા, રહે.ભાંખલ, તા.ઘોઘા, મુળ ગામ ઠળીયા, તા.તળાજા,જી.ભાવનગરનાઓને તેઓની સામેના ઈ.પી.કોડની કલમ-૩૦૭,૩૨૬ તેમજ જી.પી.એકટની કલમ-૧૩૫ ના ગુનામાથી શંકા નો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. આ કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩. આ કામે આરોપી જેલમા હોય જેથી સદરહુ હુકમની જાણ જીલ્લા જેલરશ્રી,ભાવનગરનાઓને આરોપીને સદરહુ ગુનામાથી મુકત કરવા માટે કરવી.

:: હુકમ આજ તા.૩૦ , માહે,મે, સને ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૩૦/૯/૨૦૨૧

( **ઝંખના વૈભવ ત્રીવેદી** )
ચોથા એડી.સેશન્સ જજ,
ભાવનગર.
(Code No. GJ00676)

મુખ્તાર